# પંડિત પુત્ર



પરબતપુરા ગામ આખું આજે હિલોળે ચઢી ગયું હતું. લોકો આમતેમ દોડતા પરબતપુરામાં આવેલ આગમાતાના મંદિર તરફ જઈ રહ્યા હતા. અંદરોઅંદરની વાતોથી એવું સાંભળવા મળતું કે કોઈ સિધ્ધ સંત મંદિરમાં પધારવાના છે અને તેમનાં દર્શન કરવાથી અનેક દુ:ખો દૂર થઈ જાય છે. જેમ જેમ સંત આવવાની વાત વાયુવેગે પ્રસરતી થઈ તેમ તેમ આજુબાજુના ગામડાઓમાંથી પણ શ્રધાળુ લોકો પરબતપુરા આવવા લાગ્યા. ગામમાં જાણે મોટો ઉત્સવ થઈ રહ્યો હોય તેવું વાતાવરણ અને મેળો ભરાયો હોય તેટલા લોકોનું મહેરામણ ઉમટી પડ્યું હતું.

અસલમાં પરબતપુરા નાનું ગામ. બીજે બધે દેખાય છે તેમ ત્યાંના લોકોમાં ઈર્ષ્યા, દ્વેષ, ગુસ્સો વગેરે સરખામણીમાં ભારોભાર ભરેલો. સંપનું તો નામ નહિ. છેલ્લા 25 વરસથી ગામમાં કોઈ વિકાસનું કામ થયેલું નહિ. આજુબાજુનાં ગામો વિકાસ ખૂબ જ થઈ ગયેલો જ્યારે પરબતપુરા હજુ પછાત જ રહ્યું હતું. આજે તો આગમાતાનો જાણે હુકમ થયો હોય તેમ બધા લોકો મંદિર તરફ દોડી રહ્યા હતા. આગમાતાનું ખૂબ જ પ્રાચીન મંદિર, જમીનથી 10 ફૂટ ઊંચે માતાજી બિરાજતાં હતાં. સુંદર કોતરણી, અનેક થાંભલા અને પરસાળમાં પાંચસો માણસો બેસી શકે તેવી વ્યવસ્થા હતી. લોકોને આગમાતામાં શ્રધ્ધા હતી અને એ શ્રધ્ધા તેઓને મંદિર તરફ ખેંચી લાવતી હતી.

આ ગામમાં એક પંડિતનું ઘર. જે આગમાતાના પૂજારી હતા. પંડિતને એકનો એક દીકરો. પત્ની સ્વર્ગે સીધાવી હતી. પુત્રના લાલનપાલનમાં પંડિતે જરાપણ કસર ન હોતી રાખી. પુત્રનું નામ હતું સેવક. તેના નામ પ્રમાણેના તેનામાં ગુણો હતા. ભણવા કરતાં તેને ભગવાનમાં ખૂબ જ લગની લાગેલી હજુ માંડ 7 વરસનો હતો અને આગમાતાના મંદિરમાં ધ્યાન લગાવી બેસી જતો. પંડિત ને ચિંતા પુત્રને ભણાવવાની હતી પણ સેવક તો ભણવાનું નામ જ નહોતો લેતો. આખરે પંડિતની ધિરજ ખૂટી અને એક દિવસ તેણે પોતાના પુત્રને ગુસ્સે થઈને કહી દીધું, "બેટા, ભણવું જરૂરી છે. તારે ન ભણવું હોય તો ઘરના દરવાજા ખુલ્લા છે. ગામમાં મારી કેટલી પ્રતિષ્ઠા છે. અને તું તો સાવ જ ડફોળ પાક્યો છે. આ રીતે તો મારી સાથે તું નહીં રહી શકે."

બસ, સેવકની આંખમાંથી ચોધાર આંસુ સરી પડ્યાં તેની ભગવાનમાં રહેલી અતૂટ શ્રધ્ધાએ કહ્યું, "સેવક, હવે અહીં રહેવામાં મજા નથી. તારો રસ્તો જુદો છે. દરેક લોકો પોતપોતાની પ્રગતિ અને વિકાસ કરે છે પણ આખા સમાજના ઉધાર માટે કોઈને કાંઈ જ પડી નથી. તારે જ ઊભું થવું પડશે અને આ સમાજને સાચો રસ્તો બતાવવો પડશે. " અને ત્યારે ને ત્યારે સેવક ઘર છોડી ચાલી નીકળ્યો. બે દિવસ અને 3 રાત્રી સુધી રસ્તામાં વિશ્રામ લેતો લેતો તે એક નદીને કિનારે આવી પહોંચ્યો. સામે જ શંકરનું વિશાળ મંદિર હતું. તે મંદિરમાં ગયો. કોઈ પૂજારી દેખાયા નહિ. થાક, ભૂખ અને તરસના કારણે તેનું શરીર શિથિલ બની ગયું હતું. ત્યાં થાંભલાના ટેકે જે તે ઉંઘી ગયો. તે ઊઠતાં, બેસતાં, ચાલતાં ચાલતાં હંમેશ ભાળાનાથનો જાપ કરે જતો હતો.

રાત્રે તેને સ્વપ્ન આવ્યુ. ભગવાન શંકરે તેના મસ્તક પર હાથ મોકીને કહ્યું, "બેટા, તારી ભક્તિ અનન્ય છે. લોકોને જાત જાતની બાબતોનું અભિમાન હોય છે પણ તું તો તદ્દન નિર્દોષ અને નિખાલસ છે. બોલ તારે શું જોઈએ ? વરદાન માંગ. " ગાઢ ઊંઘમાં સૂતેલા સેવકે કહ્યું "પ્રભુ, મારે કંઈ જ જોઈતુ નથી પણ એક વસ્તુ મને આપો કે જ્યારે હું આપને યાદ કરું ત્યારે આપ મારી પાસે આવશો. " 'તથાસ્તુ' કહીને ભગવાન અદ્રશ્ય થઈ ગયા. તે દિવસથી સેવકે સતત " ઓમ નમઃ શિવાય' ના પંચાક્ષર મંત્રનું રટણ ચાલુ કર્યું. મંદિરમાં બાકીની તેની વ્યવસ્થા થઈ જતી પણ તેની તેને કંઈ પડી ન હતી. તે તો માત્ર ભગવાન શીવજીના નામસ્મરણમાં જ રચ્યો પચ્યો રહેતો. આમ ને આમ 25 વરસ વીતી ગયા. સેવક હવે યુવાન થયો હતો. આંખોમાં નમ્રતા, માથે જટા અને લાંબી કાળી દાઢી. તેની સામે જે કોઈ આવે તે તેને જોતાં જ તેના પગમાં પડી જતું. ભગવાન શંકરની કૃપાથી તે મહાન જ્ઞાની બની ગયો. તેના શબ્દો ધારી અસર કરતા હતા.

પરબતપુરા ગામમાં લોકોનું ટોળું દૂરથી આવત પેલા સિધ્ધ યોગી તરફ દર્શન માટે પડાપડી કરતું હતું. યોગી શાંત ચિત્તે આગમાતાના મંદિરમાં પધાર્યા. પ્રવચનમાં જે જે

શબ્દો તેમના મુખમાંથી નીકળતા તે સોંસરવા લોકોના હૃદયમાં જડાઈ જતા. બધાંને હળીમળીને સહકારથી ગામનો વિકાસ કરવાનું તેમણે કહ્યું. બાપજીનો પડ્યો બોલ બધાંએ ઝીલી લીધો. પંડિતે યોગીનું સ્ન્માન કરતાં યોગી પંડિતના ચરણોમાં પડી ગયા. આ યોગી તે જ પંડિત પુત્ર સેવક.

- અનંત શુક્લ